# ફોજદારી કેસ નંબર–૩૧૨૫/૨૦૨૩ ના કામે આંક – ..... હુકમ.

(૧) આ કામના આરોપી ગુલાબભાઈ નરપતભાઈ કાથુડ, રહે.જુની બાવલી, તા.સોનગઢ, જી.તાપીનાઓની સામે પુરતો પુરાવો જણાઈ આવતા ઈપીકો કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭,૧૮૪ મુજબની શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત આરોપી સામે મુકવામાં આવેલ છે. આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તેમને કેસના કાગળોની નકલો આપવામાં આવેલ અને આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુનાની કબુલાત કરેલ અને ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ ધ્યાનમાં લીધા. વિદવાન એ.પી.પી.શ્રીની રજુઆત સાંભળી તથા આરોપીની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધા તથા નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરજી હરચંદજી ઠાકોર,૨૦૦૫ (૧),જી.એલ.આર. પાના નંબર ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને બાળ બચ્ચાવાળો ઈસમ છે અને તેના શિરે કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે. આરોપી ને ગુનાનો પસ્તાવો થતો હોઈ તેમજ કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે,ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવું છે તેમજ આજરોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી અને કાયદાની સજા કરવા પાછળ નો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ આથી નીચે મુજબ હુકમ કરુ છું.

**// હુ ક મ //**

- આ કામના આરોપી ગુલાબભાઈ નરપતભાઈ કાથુડ, રહે.જુની બાવલી, તા.સોનગઢ, જી.તાપીનાઓને ક્રિ. પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ઈપીકો કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબની શિક્ષાને પાત્ર ગુનામાં દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા આરોપીને ઈપીકો કલમ ૨૭૯ મુજબ દંડ કુલ રુા.૫૦૦/– તથા તથા એમ.વી.એકટ કલમ–૧૭૭ મુજબ રૂ.૧૦૦/–, તથા એમ.વી.એકટ કલમ–૧૮૪ મુજબ રૂ.૧૦૦/–, આમ કુલ્લે રૂ.૭૦૦/– પુરા ફરમાવું છું, જો આરોપી કુલ રકમ ૭૦૦/– દંડની રકમ ના ભરે તો દિન–૩ (ત્રણ)ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરુ છું.

હુકમ આજરોજ તારીખ–૦૯ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ સ્પેશયલ સીટીંગ માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સોનગઢ
તારીખ. ૦૯/૦૯/૨૦૨૩

**( જયેશકુમાર બાબુભાઈ શર્મા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સોનગઢ,કોડ નં. જીજે૦૧૬૨૩